**ડાયરેક્ટ ❤ સે**

નિયમ જ્યારે
આદત બની જાય છે
ત્યારે માણસ
સફળ બની જાય છે.

## જન્મદિને વધામણી



**ગુંજન વોરા**
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૭૯૦ ૨૯૫૧૧



**નીતા રાણા**
લાયોનેસ ક્લબ



**પ્રતાપસિંહ રાયસિંહ પરમાર**
મો. ૯૮૭૯૦ ૩૦૯૬૪



**સ્વરા જિજ્ઞેશ રાવલ**
મો. ૯૮૯૮૭ ૮૭૫૨૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં વાર્ષિક રમતોત્સવ યોજાયો





સેકટર - ૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળા ખાતે શનિવારના રોજ વાર્ષિક રમતોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ રમતોત્સવના મુખ્ય મહેમાન શ્રી. ડી.એસ ભાટી, ડીઆઈજી, બીએસએફ, ગુજરાત ફ્રન્ટીયર ઉપસ્થિત રહ્યા હતા.રમતોત્સવની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ધોરણ-૧૦ ના પ્રેમ,નિર્મલ, શાંતિ અને સત્ય સ્કોડના વિદ્યાર્થીઓએ માર્ચ પાસ્ટ કરી હતી.રમત ગમત મંત્રીએ વિદ્યાર્થીઓને રમતોત્સવની ગરિમા જાળવવા પ્રતિજ્ઞા લેવડાવી હતી. ત્યારબાદ રમતોત્સવની શરૂઆત થઇ હતી. વિવિધ ડ્રીલ પણ રજૂ કરવામાં આવી હતી.ધોરણ-૯ ની વિદ્યાર્થીનીઓ સેલ્ફ ડીફેન્સ- આત્મરક્ષાની પ્રસ્તુતિ કરી, જેમાં છોકરીઓ પર કોઈ એટેક કરે તો તે સ્વબચાવ તથા જરૂરિયાત પડે તો અન્યને મદદરૂપ થાય તેવી વિવિધ ટેકનિકો રજૂ થઈ હતી.

મુખ્ય મહેમાન ડી.એસ ભાટીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં માઉન્ટ કાર્મેલ શાળાના વિદ્યાર્થીઓને સંબોધીને કહ્યું કે હાર જીત ન જોતા અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃતિઓમાં પણ ભાગ લઈ આપ ઉત્તરોત્તર પ્રગતિ સાધી શકો છો. આત્મવિશ્વાસ રાખવો, તમે પણ આવતી કાલના મિલ્ખાસિંગ, ધોની ,સાનિયા નેહવાલ વગેરે બની શકો છો. તો સાથે સાથે રાષ્ટ્રની સેવા બજાવવા માટે પ્રોત્સાહિત પણ કર્યા. રમતોત્સવમાં ૫૦ મીટર,૧૦૦ મીટર,૨૦૦ મીટર દોડ વગેરે તથા નાના ભૂલકાઓ માટે પેંગવિન રેસ , બ્રોડ જમ્પ જેવી રમતો રાખવામાં આવી હતી.

માર્ચપાસ્ટ ટ્રોફી વિજેતા ગલ્સ શાંતિ સ્કોડ , વિજેતા બોયઝ શાંતિ સ્કોડ તથા સમગ્ર વર્ષ દરમિયાન ઉત્કૃષ્ટ દેખાવ કરનાર સ્કોડ પ્રેમા ને ટ્રોફી આપવામાં આવી હતી. શાળાનાં પી.ટી. શિક્ષકોની અથાગ મહેનત સાથે-સાથે આચાર્યા સિસ્ટર રેણુકાનાં માર્ગદર્શન હેઠળ શાળાના તમામ શિક્ષકોની મહેનતથી શાળાનો વાર્ષિક રમતોત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## ગીતા જયંતિ નિમિત્તે ઈન્ફોસિટી સ્કૂલ ખાતે ઉજવણીનો કાર્યક્રમ



સત્પ્રેરણા ટ્રસ્ટના ડિરેક્ટર શ્રી શ્રી ભારતી શ્રીજીની પ્રેરણાથી ઈન્ફોસિટી સ્કૂલ, સરગાસણ ખાતે ગીતા જયંતિ નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સત્પ્રેરણા ટ્રસ્ટનાં તુલસીબેન ઓઝા અને પૂજાબેન શર્માએ શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતા અંગે ખૂબ જ રસપ્રદ માહિતી વિદ્યર્થીઓને આપી હતી. મેનેજિંગ ટ્રસ્ટી દલસાણિયાસર, પ્રમુખ વૈષ્ણવસર, ગુજરાતી માધ્યમનાં ઈન-ચાર્જ પ્રિન્સિપાલ પ્રવિણાબેન, અંગ્રેજી માધ્યમનાં સુપરવાઈઝર દિપ્તીબેન અને શિક્ષકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં.

## રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સ દ્વારા દાંડી કુટિરની મુલાકાતનું આયોજન



સરગાસણમાં કાર્યરત રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સના ધોરણ-૫થી ૧૨ના અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓએ મહાત્મા મંદિર પાસે સ્થિત દાંડી કુટિરની મુલાકાત લીધી હતી. આ શૈક્ષણિક મુલાકાતમાં ૩૬૦ વિદ્યાર્થીઓ તથા ૨૦ શિક્ષકો જોડાયા હતા. સૌએ અહીં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મથી માંડીને મૃત્યુપર્યંતની સફર ડિજીટલ ટૅકનોલૉજીના મધ્યમથી સાંભળી અને નિહાળી હતી. ગાંધીજીએ દેશને આઝાદ કરવા માટે કરેલા સત્યાગ્રહ, અહિંસક આંદોલનો, ભારત ભ્રમણ જેવી અનેક બાબતો તમામ વિદ્યાર્થીઓએ આત્મસાત કરી પ્રદર્શનીના અંતે રાષ્ટ્રપિતાને વંદન કર્યાં હતાં અને તેમના માનમાં બે મિનિટનું મૌન પણ પાળ્યું હતું.

## ઍમ બી પટેલ કન્યા શાળા દ્વારા સરિતા ઉદ્યાનની મુલાકાત

ગાંધીનગર, તા. ૨૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલની ૮૭ વિદ્યાર્થીનીઓ, ધોરણ-૧ ક, ડની ૯૫ વિદ્યાર્થીનીઓએ સરિતા ઉદ્યાન અને સંત સરોવરની મુલાકાત લીધી હતી અને ત્યારબાદ ઈન્દ્રોડા ગામની મુલાકાત લઈ મંદિરે દર્શન પણ કર્યાં હતાં.

ગામ અંગેની માહિતી પણ આ દરમિયાન વિદ્યાર્થીનીઓએ પ્રાપ્ત કરી હતી. આ પ્રવાસનું આયોજન શાળાનાં મદદનીશ શિક્ષક માયાબેન અને દર્શિકાબેન દ્વરા કરવામાં આવ્યું હતું.

## ઍમ બી પટેલ સ્કૂલમાં સ્પેલિંગ ટેસ્ટ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્ય પ્રાયમરી સ્કૂલમાં ચાલતી સહ અભ્યાસ પ્રવૃત્તિ અંતર્ગત ધોરણ-૧થી ૮ની બે હજાર વિદ્યાર્થીનીઓ માટે એક સ્પેલિંગ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિ શાળાનાં સુપરવાઈઝર સંગીતાબેન પટેલના માર્ગદર્શન હેઠળ અંગ્રેજી વિષયનાં શિક્ષકો દ્વારા આયોજિત કરવામાં આવી હતી. આ ટેસ્ટમાં ધોરણ-૧ ડમાંથી નવ્યબા રાઠોડ, ૨ બમાંથી શ્રેયા સુતરીયા, ૩ બમાંથી તન્વી સારગાણી, ૪ કમાંથી પ્રાન્સી પટેલ, ૫ કમાંથી કૃપાલી ઠક્કર, ૬ બમાંથી દષ્ટિ રોહિત, ૭કમાંથી હેલી પટેલ અને ધોરણ-૮ અમાંથી હની પટેલનાં નામની જાહેરતા શ્રેષ્ઠ દેખાવ માટે કરવામાં આવી હતી. આચાર્ય નીરૂબેન પટેલે શાળા પરિવાર વતી સૌ વિદ્યાર્થીનીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## સે. ૨૯/૧ સરકારી પ્રા. શાળામાં સ્વેટર વિતરણ કાર્યક્રમ યોજાયો



સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૯/૧ ખાતે શુક્રવારે સ્વેટર વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સેન્ટ્રલ યુનિવર્સિટીના પ્રૉ. મિશ્રા, લીટીબેન, ઈસ્મિતબેન ઉપસ્થિત રહ્યાં હતાં, જેમના હસ્તે આ વિતરણ કરવામાં આવ્યું હતું. આ માટે ક્રિડા સંસ્થાના ઝાયબેને પણ પોતાનું યોગદાન આપ્યું હતું.

શાળાનાં નિવૃત્ત શિક્ષક રેગીનાબેન, ઉષાબેન અને રસિલાબેને પણ આ સેવાકાર્યમાં પોતાનો ફાળો આપ્યો હતો. સ્વેટર વિતરણ બાદ વિદ્યાર્થીનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી.

## વિમેન પ્રિમિયર ચેસ ટુર્નામેન્ટનો પ્રારંભ




ગુજરાત સ્ટેટ ચૅસ ઍસોસિએશનના સૅક્રેટરી ભાવેશ પટેલના હસ્તે વાઈસ પ્રેસીડેન્ટ મયુર પટેલની ઉપસ્થિતિમાં ૪૪મી વિમેન પ્રિમીયર ચેસ ચેમ્પિયનશીપ સુરત ટૅનિસ ક્લબ ખાતે ખુલ્લી મૂકવામાં આવી છે. આ પ્રસંગે જાણીતા ઉદ્યોગકાર નીરજ મુરાજિયા ઉપસ્થિત રહ્યા હતા. દેશનાં ટૉપ ૧૨ મહિલા ચૅસ ખેલાડીઓ આ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યાં છે. સ્પર્ધામાં કુલ છ લાખનાં ઈનામો રાખવામાં આવ્યાં છે. સ્પર્ધા અંતર્ગત ૧૧ રાઉન્ડ યોજવામાં આવ્યા છે, સ્પર્ધા ૬ ડિસેમ્બર સુધી ચાલશે. આ સ્પર્ધાના મુખ્ય આર્બિટર તરીકે વિજયરાઘવન અને ડેપ્યુટી આર્બિટર તરીકે આ જી પરમાર પોતાની સેવાઓ આપી રહ્યા છે.

# માહિતી સાચી રીતે અને સાચી દિશામાં લોકો સુધી પહોંચે એ અગત્યનું છે

## આજે અંગ્રેજી અખબારો પર સંકટ છે, પરંતુ હજૂ પ્રાદેશિક ભાષાઓનો દબદબો વિશ્વની અખબારી ગતિથી વિપરીત છે : પૂર્વ પત્રકાર અને લેખિકા મૃણાલ પાંડે

ગાંધીનગર, તા. ૨૫

'ભારત સિત્તેરમા વર્ષે: માધ્યમો અને પડકારો' વિશે વાત કરતાં જાણીતા લેખિકા અને પૂર્વ પત્રકાર મૃણાલ પાંડેએ કહ્યું કે, આજે સવાલ પૂછનારા મીડિયાની હાલત ખરાબ છે, છેલ્લા પાંચ વર્ષથી મીડિયાને એવી રીતે શિકાર બનાવાય છે, જાણે કોઈ મોટા ગુનેગાર હોય. તમને કશું ખોટું પૂછ્યું હોય તો વિરોધ કરો, ચર્ચા કરો, પણ સવાલ પૂછનાર ધમકી અને દબાણનું પાત્ર બની જાય છે. એક બાજુ સરકાર બેટી પઢાઓ બેટી બઢાઓની વાતો કરે છે, ને બીજી બાજુ એક મંત્રી મહિલા પત્રકારને વેશ્યા કહે છે, આવા લોકોને બે તમાચા મારવા જોઈએ. તમે કહો છો, પત્રકારો જન્મથી જ જૂઠા છે, અમે વહેંચાયેલા છીએ, તો કેમ આવો છો અમારી પાસે ? તમને અમારી વાત ખરાબ લાગે છે, કારણ કે 'આપકી દાઢી મેં તીનકા નહીં પુરા કુતુંબ મિનાર હે.'

ભારતીય સમુદાય શિક્ષણ સંઘ, અમદાવાદ દ્વારા અમદાવાદ મેનેજમેન્ટ અસોસિએશન ખાતે આયોજિત રમણલાલ પરીખ સ્મૃતિ વ્યાખ્યાનમાળાના ૧૮મા વ્યાખ્યાનમાં મીડિયાની આજની સ્થિતિ વિશે વાત કરતાં મૃણાલ પાંડેએ જણાવ્યુ હતું કે, આજે ખબરો લોકોના મોબાઈલ અને લેપટોપમાં



પહોંચી છે, ત્યારે દરેક વ્યક્તિનું પોતાનું ટેઈલરમેડ અખબાર પોતાની સામે ખોલીને જે ગમે એ ઓનલાઇન વાંચે છે. આજે અંગ્રેજી અખબારો પર સંકટ છે, પરંતુ હજૂ પ્રાદેશિક ભાષાઓનો દબદબો વિશ્વની અખબારી ગતિથી વિપરીત છે. એનું કારણ એ ન કહી શકાય કે વાંચકો વધુ પ્રામાણિક છે, પરંતુ પ્રાદેશિક ભાષામાં ઈન્ટરનેટની ઓછી વ્યાપકતાને એનું કારણ બતાવી શકાય, પરંતુ સ્માર્ટફોનથી એનું ચિત્ર પણ બદલાઈ રહ્યુ છે. ગામમાં દુકાનદારો ૧૦૦ રૂપિયામાં ૫ ફિલ્મો ડાઉનલોડ કરી આપે છે, આ સ્માર્ટફોન જ્ઞાનનો સ્ત્રોત ન બની શક્યા, તેથી માહિતી સાચી રીતે અને સાચી દિશામાં લોકો સુધી પહોંચે એ અગત્યનું છે.

જ્યારે નવી પેઢીના વાચકો વિશે વાત કરતાં મૃણાલ પાંડેએ જણાવ્યું કે, આજે જાહરખબરોની આવક ઘટી રહી છે, અને આજના વાચકો લાંબા સંપાદકીય લખાણો વાચવા ટેવાયેલા નથી તેથી પ્રિન્ટ મીડિયા પાસે અખબાર અને ડિજિટલ માધ્યમ રૂપી બે અલગ હોડીમાં એક સાથે સવારી કરવાનો પડકાર છે. જો કે, આ પરવર્તન હજૂ ભ્રૂણાવસ્થામાં છે, જેમાં આવનારા દસ વર્ષમાં મોટા ફેરફાર જોવા મળશે. આજે પણ ન્યૂઝ ચેનલની મિટિંગમાં સવારે અખબાર વંચાય છે, પ્રિન્ટ મીડિયામાં આજે પણ નિષ્ણાતો અને વિદગ્ધ અનુભવીઓ છે, પરંતુ આપણે આજે ઈન્ટરનેટના આંકડાઓ અને સંદર્ભોથી કામ ચલાવીએ છીએ. જેમાં ખોટા, અડધાં ખોટા સમાચાર અને નકલી સ્ટીંગ ઓપરેશન વધ્યા છે, જેનાથી અસલી સ્ટીંગ પરેશનની વિશ્વસનીયતા ઘટી છે. નેટનો ન્યૂઝ માટેનો ઉપયોગ એ નેટ ન્યૂટ્રાલિટી માટે પણ એક પડકાર છે.

ન્યૂઝનું આ નવુ મોડેલ માણસને એકલવાયો અને અંતર્મુખી બનાવે છે, આપણે જ્ઞાનનો ઘનઘોર એકાંત જોઈએ છે એકલાપણુ નહિ. ૪૦ની ઉંમર વટાવી ગયેલા લોકોએ માહિતીના આ પ્રદૂષણથી બચવા માટે પણ સોશિયલ મીડિયાના ઉપયોગ અને તેની પહોંચને સમજવી પડશે. કારણ કે, આજે આ જ માધ્યમો એક ખબરને એક દીશા આપે છે.

## સર્વ શિક્ષા અભિયાનના એડહોક એન્જિનિયર્સ મુદ્દે યથાવત્ સ્થિતિ જાળવવા હાઈકોર્ટનો આદેશ

ગાંધીનગર, તા. ૨૫

સર્વશિક્ષા અભિયાનમાં ૧૫થી ૨૦ વર્ષથી કામ કરતા ટેકનિકલ રિસોર્સ પર્સનને નોકરીમાંથી છૂટા નહીં કરવા અને નોકરીની શરતો બાબતે સ્ટેટસ ક્વો (યથાવત્ સ્થિતિ જાળવી રાખવા)નો આદેશ હાઈકોર્ટના જસ્ટિસ એન.વી. અંજારિયા એક રિટમાં કર્યો છે. સર્વશિક્ષા અભિયાનના આવા કર્મચારીઓને નોકરીમાં કાયમ કરવા તથા પગાર પંચના લાભો આપવા માટે તેમજ રાજ્ય સરકારના હુકમ હેઠળ રાજ્ય સરકારના કાયમી કર્મચારીઓને મળતા લાભો આપવાની દાદ માંગતી રિટ પિટિશન હાઈકોર્ટ સમક્ષ કરવામાં આવી છે. આ મામલે નોટિસ પાઠવીને વધુ સુનાવણી ૨૧મી ડિસેમ્બરના રોજ રાખવામાં આવી છે. આ કેસની હકીકત એવી છે કે કેન્દ્ર સરકાર દ્વારા ૧૯૯૫માં દેશમાં પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ વધે અને નિરક્ષરતા દૂર થાય તથા દરેકને શિક્ષણનો લાભ મળે એ માટે સર્વશિક્ષા અભિયાન સ્કીમ લાગુ કરવામાં આવી હતી. આ સ્કીમ અન્વયે કેન્દ્ર અને રાજ્ય સરકાર રાજ્યના ગામડાઓમાં નવી પ્રાથમિક શાળાઓ ખોલે છે અને ચાલુ પ્રાથમિક શાળાઓની જાળવણી માટે પ્રયાસો કરે છે. આ સ્કીમ હેઠળ રાજ્ય સરકાર ૧૯૯૭થી ભરતી પ્રક્રિયા કરી એન્જિનિયરોની નિમણૂક કરેલી છે. આ પ્રક્રિયા કરતા પહેલા રાજ્ય સરકારએ સમાચાર પત્રોમાં જાહેરાત આપી લેખિત અને મૌખિક પરીક્ષા અન્વયે યોગ્ય લાયકાત અને ગુણવત્તા ધરાવતા તેજસ્વી યુવાનો એન્જિનિયર તરીકે નોકરીમાં રાખ્યા હતા. પછી નોકરીમાં માત્ર ૧૧ મહિનાના સમય માટે રાખવામાં આવ્યા હતા અને આ સમય સીમાના અંતે તે કોન્ટ્રાક્ટ ચાલુ રાખી નોકરી પર અત્યાર સુધી ચાલુ રાખવામાં આવ્યા છે.